ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૧૭ ટકા

ગાંધીનગર તાપમાન

# ગાંધીનગરમાં બેંક રોબરીને અંજામ આપતી બિંદ ગેંગનો પર્દાફાશ

## વેલ પ્લાન્ડ ક્રાઈમ કરતી આ ગેંગમાં માસ્ટર માઈન્ડ યુવતિ પણ સામેલ : ગાંધીનગર એલસીબીએ આ ગેંગના ત્રણ સુત્રધારોને ૩૬ જીવતા કારતુસ, અને ત્રણ પિસ્તોલ તથા એક દેશી તમંચા સાથે દબોચી લીધા : ખૂંખાર મુખ્ય સુત્રધારો ઉપર ઉત્તર પ્રદેશ પોલીસે ઈનામ ઘોષીત કરેલા છે

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામની એસબીઆઈ બેંકમાં ફાયરીંગ કરી રોબરીનો પ્રયત્ન કરનારા તથા છત્રાલની એકસીસ બેંકમાં ફાયરીંગ કરીને ૪૪ લાખની લુંટ ચલાવી ભાગી જનાર ગેંગ દ્વારા તાજેતરમાં જ ગાંધીનગર એલસીબીની ટીમ ઉપર ફાયરીંગ કર્યાની ઘટના બની હતી. આ ખૂંખાર ગેંગ ઉત્તર પ્રદેશની બિંદ ગેંગ હોવાનું બહાર આવ્યું છે. આ ગેંગના મુખ્ય સુત્રધારો ઉપર તો ઉત્તરપ્રદેશ પોલીસે ઈનામો જાહેર કર્યા હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીનગર એલસીબીની ટીમે આજે કલોલ તાલુકાના છત્રાલ-ઈસંડ રોડ પરથી એકટીવા પર જતા આ ગેંગના ત્રણ સુત્રધારોને ત્રણ પિસ્તોલ, એક દેશી તમંચો અને ૩૬ જીવતા કારતુસ સાથે દબોચી લઈ બિંદ ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ પકડાયેલા સુત્રધારોના પ્રાથમિક ઈન્ટ્રોગેશનમાં સનસનીખેજ ખુલાસા થયા છે કે મુખ્ય સુત્રધારો પર ઉત્તર પ્રદેશમાં લુંટ, હત્યા, ફાયરીંગ અને પોલીસ પર જીવલેણ હુમલા સહિતના અનેક ગુનાઓ દાખલ થયેલા છે. આ ગેંગ વેલ પ્લાન્ડ ક્રાઈમ કરે છે અને પોલીસને શંકા ન જાય તે માટે માસ્ટર માઈન્ડ યુવતિનો પણ આ ગેંગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એટલું જ નહી લુંટ કરવા ગયેલા સુત્રધારો પકડાઈ જાય તો પણ પોલીસને પુરાવા ન મળે તે માટે હથીયાર સગેવગે કરવા પણ અલગથી ટીમ કાર્યરત હતી. ગેંગનું ટીમ વર્ક ખુબ જ મજબુત હતું જયાં આ ટોળકી બેંક રોબરી કરવા જતી ત્યાં અલગ અલગ ટીમો અલગ અલગ કામ કરતી હતી. જેમાં એક ટીમ સુત્રધારોને એસ્કોર્ટીંગ કરતી હતી જયારે બીજી ટીમ તેમના હથીયાર સંતાડવાનું અને સમયસર હથીયાર આપવાનું કામ કરતી હતી તે ઉપરાંત ગુનામાં વાપરવા વાહનો પણ ચોરી કરવાનું કામ પણ બીજી ટીમ કરતી હતી.

આ અંગે વધુ વિગત આપતા ગાંધીનગર રેન્જ આઈજીપી મયંકસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે છેલ્લા પંદર દિવસથી આ ટોળકીને પકડવા માટે અમદાવાદ



ક્રાંઈમ બ્રાન્ચ, એટીએસ, ગાંધીનગર એલસીબી, એસઓજી, કડી પોલીસ સહિતની ટીમો છેલ્લા પંદર દિવસથી છત્રાલ ખાતે રોકાઈને ગુનેગારોને પકડવા માટે પોલીસ અધિકારીઓ રાત-દિવસ એક કરી રહ્યા હતા. ત્યારે આ ગેંગના સભ્યોને પકડવામાં ગાંધીનગર એલસીબી પોલીસને સફળતા મળી છે. એલસીબી પીઆઈ નિરજ પટેલ અને તેમની ટીમના સભ્યોને બાતમી મળી હતી કે છત્રાલથી ઈસંડ જવાના માર્ગ પર એકટીવા પર ત્રણ ઈસમો હથીયાર સાથે નીકળ્યા છે. બાતમીને આધારે પોલીસે વોચ ગોઠવી એકટીવા પર રહેલા વિજેન્દ્ર કુમાર સનઓફ વૈધરાજ હરીગેન બીંદ (કેવટ) રહે.મ.નં. એ-૧ હરીદર્શન સોસાયટી છત્રાલ તા.જી.ગાંધીનગર, મળુ રહે. જમાલપુર તા.મછલી શહેર જી.જોનપુર ઉત્તર પ્રદેશ, સુધાકર સન ઓફ રામઆશરે રામજીત બીંદ (કેવટ) રહે. હાલ ડીંડોલી બ્રીજ પટેલનગર આસપાસ સુરત મુળ રહે.જમાલપુર તા.મછલી, જોનપુર ઉત્તર પ્રદેશ, વિજય ભાન સન ઓફ રામપતિ રામકિશન બીંદ રહે. મ.નં. એ-૧ હરીદર્શન સોસાયટી છત્રાલ તાજી.ગાંધીનગર મુળ રહે. મહદેપુર તા.જ્ઞાનપુર જી. સંતરોહીદાસનગર ભધોહી ઉતરપ્રદેશને પકડી પાડ્યા હતા. પોલીસે ચેક કરતા તેમની પાસેથી દેશી બનાવટનો તમંચો, ત્રણ પિસ્તોલ અને ૩૬ જીવતા કારતુસ મળી આવ્યા હતા. ત્રણેય બનાવમાં આ સાગરીતોએ મહત્વનો રોલ ભજવ્યો હતો. જયારે કડી ખાતે બેંક લુંટવા જઈ રહ્યા હતા તે દરમિયાન ગાંધીનગર એલસીબી પોલીસ તપાસમાં હતી તે એલસીબી ટીમ પર ફાયરીંગ કરી ભાગી છુટ્યા હતા. જે અંગે કડી પોલીસ મથકે આર્મસ એકટ હેઠળ ગુનો નોંધાયો છે. આરોપીઓની પુછપરછમાં જાણવા મળ્યું છે કે બેંક લુંટ કરવા જવાનું હોય ત્યારે એક વ્યકિત ઉત્તરપ્રદેશથી હથીયાર લઈને નીકળે છેઅને નિર્ધારીત જગ્યા પર હથીયાર પહોંચાડે છે. જેથી જે સ્થળ પર લુંટ કરવાની હોય ત્યાં આરોપીઓ વેપન વગર પહોંચી જાય છે. લુંટ કરવામાં જે વાહનનો ઉપયોગ કરવામાં આવે છે તે વાહન પણ આસપાસના વિસ્તારમાંથી ચોરી કરેલું હોય છે. જયારે અન્ય આરોપીઓ બેંકની રેકી કરીને માહિતગાર કરે છે. જયારે મહિલા સાગરીત બેંકની બહાર રહીને નજીકના અંતરેથી તમામ ગતિવિધીની માહિતી અંદર આપે છે. જયારે ગુનાને અંજામ આપી હથીયાર અને લુંટેલો માલ માર્ગમાં જ અન્યને વ્યકિતઓને આપી દેવામાં આવે છે. આરોપીઓ એક ઉપર એક શર્ટ પહેરતા હોવાથી તેઓ માર્ગમાં કપડા ફેંકી દેતા હોય છે. છત્રાલ બેંક લુંટ વાવોલ બેંક લુંટની કોશીષ કડી ખાતે પોલીસ પર ફાયરીંગ બાઈક ચોરી વગેરે ગુના કરેલી આ ગેંગના ત્રણ સાગરીતોને એલસીબી પીઆઈ નીરજ પટેલ અને તેમની ટીમના જવાનોએ પકડી પાડવામાં સફળતા મળી છે અને અન્ય વોન્ટેડ આરોપીઓની શોધખોળ શરુ છે.

## નીવ આઈઆઈટી દ્વારા વિવિધ તાલીમ વર્ગોમાં પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૨૭

નીવ આઈ.આઈ.ટી. ગાંધીનગર દ્વારા આસપાસના ગામોના યુવાનો માટે વિવિધ કાર્યો માટે માર્ગદર્શન પૂરું પાડશે. નીવ સક્રીય પણે વિવિધ સમુદાયને ટ્રેનિંગ, માર્ગદર્શન પૂરું પાડીને જ્ઞાન, સ્કીલ વધારશે. નીવ ગામના લોકોને ઉદ્યોગ સાહસિકતા માટે સહાય કરે છે.

વ્યાયસાયિક સ્કીલ તાલીમ - વાયરીંગ, પ્લમ્બિંગ, વેલ્ડિંગ, સુથારકામ, ધો-૧૦ અને ૧૨ પાસને ૧૮ વર્ષ સુધીની તાલીમ આપેછે. કોમ્પ્યુટર સ્કીલ તાલીમ, સ્પોકન ઈંગ્લીશ તાલીમ, સિવણ તાલીમ, ઉદ્યોગ સાહસિક વર્કશોપની તાલીમ આપવામાં આવે છે. તા. ૮થી ૧૨ જુલાઈ ૫ દિવસ માટે સવારે ૯ થી ૫ સુધી આપવામાં આવશે. ફી કોચિંગ- ૩૦ બેઠક માટે - વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવેશ આપવામાં આવશે. આ અંગે સંપર્ક સાધવા માટે નીવ એકેડેમિક, બ્લોક નં. ૬, રૂમ. નં. ૩૦૪ થી ૩૧૮, આઈ.આઈ.ટી. ગાંધીનગર, ફોન : (૦૭૯)૨૩૯૫૧૨૪૮ છે.

## શ્રાવણ માસમા હરિદ્વારમાં ભાગવત કથાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

સુંદરધામ પરિવાર દ્વારા શ્રાવણ માસમાં ગોસ્વામી સંજય ભારતીબાપુની વ્યાસપીઠે ભાગવત્ કથા મહોત્સવનું આયોજન તા. ૧૭મી ઓગસ્ટથી ૨૬મી ઓગસ્ટ દરમિયાન કર્યુ છે. દર વર્ષની જેમ યાત્રા રેલવે દ્વારા કરાશે અને ગોકુલ આઠમ હરિદ્વારમાં ઉજવવામાં આવશે. ઈચ્છુક ભાઈ-બહેનોએ રાંધેજા સ્થિત સુંદરધામ હનુમાનજી મંદિર ખાતેથી ફોર્મ મેળવી લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે. વધુ સંપર્ક માટે (મો. ૯૪૨૮૫ ૯૫૭૪૧) પર સંપર્ક કરવા સુંદરધામ પરિવાર દ્વારા જણાવાયું છે.



ગાંધીનગર શહેરથી પેથાપુર તરફ ના માર્ગ પર ચરેડી છાપરા પાસે અચાનક વેગન-આર કાર પલટી મારી ગઈ હતી. કાર પલ્ટી મારી જતા કારને ભારે નુકશાન થવા પામ્યું હતું. કાર માર્ગ વચાળે પલ્ટી મારતા વાહન ચાલકો અને આસપાસમાંથી નાગરીકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.

## કોટેશ્વર પાસે હોન્ડાના ગોડાઉનમાંથી એકટીવાની ચોરી

ગાંધીનગર,તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના કોટેશ્વર ગામની સીમમાં કાર્યરત હોન્ડાના ગોડાઉનમાંથી નવિન એકટીવાની ચોરી થવા પામી છે. ગોડાઉન ઈન્ચાર્જની પોલીસ ફરીયાદને પગલે પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર તાલુકાના કોટેશ્વરની સીમમાં ખેતરમાં ઈનોવેટીવ પ્રા.લી.હોન્ડા કંપનીનું ગોડાઉન આવેલું છે. જેમાં ૨૧૯ એકટીવા નવા ફાઈવ જી મુકવામાં આવ્યા હતા. સોમવારના રોજ રાત્રે ૨ થી ૬ કલાક દરમિયાન કોઈ શખ્સ ચોરી કરી ગયો હતો. બનાવની જાણ ગોડાઉન ઈન્ચાર્જને સિક્યોરીટી ગાર્ડ દ્વારા કરવામાં આવતા ઈન્ચાર્જ નીરવ પટેલ સ્થળ પર દોડી આવ્યા હતા અને તપાસ કર્યા બાદ અડાલજ પોલીસ મથકમાં રૂ. ૫૫,૨૦૦ની કિંમતના નંબર વગરના એકટીવા અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર અને સાબરકાંઠામાંથી બાઈક ચોરનાર સગીર ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાંથી ચોરી કરેલા પાંચ મોટર સાઈકલ સાથે એક સગીરને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. એલસીબી પોલીસે કુલ-૫ મોટર સાઈકલ કિ.રૂ.૧,૩૫૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ વી.બી.વર્મા અ.હે.કો. જયવિરસિંહ નટવરસિંહ, અ.પો.કો. દિગ્વિજયસિંહ ફુલુભા પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ઘ-૨ સર્કલ પાસે આવતા પો.કો. અનુપસિંહ બળવંતસિંહને મળેલી બાતમીને આધારે સે-૬ અપના બજાર પાછળથી એક નંબર વગરના બાઈક સાથે એક સગીર ને પકડી પાડ્યો હતો. પોલીસે બાઈકના પુરાવા માંગતા સગીર ગલ્લા તલ્લા કરી રહ્યો હતો. જેથી તેની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા આજથી ૨૫ દિવસ અગાઉ સે-૧૧ સુમન ટાવર નજીકથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. તે ઉપરાંત વધુ પુછપરછ કરતા તેણે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વિસ્તારમાંથી ૨ અને તલોદ વિસ્તારમાંથી ૨ મળી કુલ -૪ મોટર સાયકલની ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. ચોરી કરેલા મોટર સાયકલ પૈકી બે મોટર સાયકલ સે-૩૦ સર્કલ પાસે આવેલા સુલભ શૌચાલય પાસે અને અન્ય બે બાઈક તેણે ચિલોડા બ્રીજ નીચે મુકી દીધા હતા. પોલીસ દ્વારા તમામ મોટર સાઈકલ રીકવર કરવામાં આવ્યા છે. એલસીબી પોલીસે રૂ. ૧,૩૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી સગીર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## શનિવારે સે. ૧૬માં રંગમંચ ખાતે રાજસ્થાન સ્થાપના દિવસ ઉજવાશે

### રાજસ્થાનના ટીવી કલાકારો દિપીકા ભાટ અને દિલરાજ બંજારા રંગ જમાવશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં ખૂબ મોટી સંખ્યામાં પાડોશી રાજય રાજસ્થાનના રહીશો વસવાટ કરે છે. રાજસ્થાની સમાજના આ શહેરીજનો દ્વારા દર વર્ષે તા. ૩૦મી માર્ચના રોજ રાજસ્થાન સ્થાપના દિવસની રંગેચંગે ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ ગાંધીનગરના સમસ્ત રાજસ્થાન સમાજ દ્વારા આગામી તા. ૩૦મી માર્ચ શનિવારના રોજ સેકટર-૧૬માં રંગમંચ ખાતે સાંજે ૬ થી રાત્રીના ૧૧ દરમ્યાન તૃતીય વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજસ્થાન સ્થાપના દિવસની ઉજવણીના ઉપક્રમે અધ્યક્ષપદે ગંગાસિંહ પરમાર, અતિથિ વિશેષ પદે ઉમેદસિંહ ચંપાવત, દિનેશ દૂબે, સત્યનારાયણ શર્મા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં રાજસ્થાની કલાકારો દ્વારા લોક નૃત્યો પ્રસ્તુત કરાશે તે ઉપરાંત ટીવી કલાકાર દિપીકા ભાટ, દિલરાજ બંજારા વગેરે પરફોર્મન્સ આપશે. આ પ્રસંગે ગાંધીનગરના સમસ્ત રાજસ્થાન સમાજના અગ્રણીઓ મુકેશકુમાર વ્યાસ, તુલસીભાઈ માળી, જગદાનસિંહ ચારણ, વિક્રમસિંહ રાજપૂત, મુથાજી પ્રજાપતિ, માધુભાઈ પ્રજાપતિ, માંગીલાલ ગુર્જર, ગોપાલ શર્મા વગેરે સહિત તમામ સભ્યો પરિવાર સાથે જોડાશે અને સમગ્ર કાર્યક્રમને રાજસ્થાનમય બનાવશે.



ટીંટોડા ગામની સરકારી પ્રાથમિક શાળા ખાતે ''ભારતીય સંસ્કૃતિક વારસાનું જતન'' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત અલ્પ હ્યુમન બીઈંગ ચેરીટેબલના અધ્યક્ષા અલ્પાબા પરમારે બાળકોને પ્રોત્સાહક ઈનામો દ્વારા સન્માન્યા હતા.

## જિલ્લાના ફિરોજપુર ગામથી પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર,તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ફિરોજપુર ગામેથી પાંચ શકુનીઓ જુગાર રમતા પોલીસના હાથે પકડાઈ ગયા છે. ડભોડા પોલીસે રૂ. ૨૧૮૦ નો મુદ્દામાલ પકડી પાડી જુગારધારાનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડભોડા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે ફિરોજપુરના ઈન્દીરાનગર ખાતે કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે રેઈડ કરતા લિમડાના વૃક્ષ નીચે જાહેરમાં બાજી માંડીને બેઠેલા ફિરોજપુરના ઈન્દીરા નગરમાં રહેતા અમરત પ્રતાપજી રાઠોડ, શંભુ મફાજી જાદવ, અજમેલ રૂમાલજી જાદવ, આંગણવાડી વાળા આવાસમાં રહેતો લક્ષ્મણ મોહનજી જાદવ તથા વલાદના ચોટાવડા રામજી મંદિર પાસે રહેતો રિનેશ ચેતનભાઈ વ્યાસનો સમાવેશ થયા છે. ડભોડા પોલીસે તમામ વિરુધ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધીને પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

## બાપુ ઈન્સ્ટિટયુટ ઑફ ટેકનોલોજીમાં ગુજકોષ્ટના સહયોગથી એડવાન્સ એન્જીનીયરીંગ ફીઝીક્સનો વર્કશોપ યોજાયો





ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર માણસા હાઈવે પર આવેલ બાપુ ગુજરાત કોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં ગુજકોષ્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગર્વનમેન્ટ ઓફ ગુજરાત - ગાંધીનગરના સહયોગથી સ્ટેટ લેવલનો એક દિવસીય વર્કશોપ એડવાન્સ એન્જીનીયરીંગ ફીઝીક્સ વિષય પર તા. ૨૭મી માર્ચ, ૨૦૧૯ના રોજ વર્કશોપ યોજાયો હતો.

ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ હ્યુમાનીટીઝ દ્વારા યોજાયેલા આ વર્કશોપમાં પ્રથમ વર્ષમાં ડીગ્રી અને ડિપ્લોમાંના બીજા સેમેન્સ્ટરના ૫૦ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. સાગર (આસી. પ્રો. વિશ્વાકર્મા એન્જી. કૉલેજ, ચાંદખેડા) તથા ડૉ. ચેતના ચૌહાણ (આસી. પ્રો. નિરમા યુનિ. અમદાવાદ) 'નેનો ટેકનોલોજી' તથા 'એડવાન્સ ઓપ્ટીકલ ફાઈબર કમ્યુનિકેશન સિસ્ટમ' જેવા વિષયો પર એક્સપર્ટ વક્તવ્ય, પ્રશ્નોત્તરી અને પાવર પોઈન્ટ પ્રેસેન્ટેશનના માધ્યમથી વિદ્યાર્થીઓને ફિઝિક્સ વિષયનો ઊંડાણપૂર્વક પરિચય આપી વિદ્યાર્થીના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા ભરતસિંહ વાઘેલાએ કાર્યક્રમની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાના ડાયરેકટર પ્રો. રવિ. કુમાર, ડીગ્રી પ્રિન્સિપાલ કિંજલ અધવર્યુ, ડિપ્લોમા પ્રિન્સિપાલ પ્રો. ખાલીદ સિદ્દીકી, હાજર રહી વિદ્યાર્થીઓનાં ઉત્સાહમાં વધારો કર્યો હતો. સમગ્ર વર્કશોપનું આયોજન તથા સંચાલન ડૉ. મનીષા છાંટબાર, પ્રો. રસીક તન્ના તથા સાયન્સ એન્ડ હ્યુમાનીટીઝ ડિપાર્ટમેન્ટના સમગ્ર સ્ટાફે ખુબ જ સફલતાપૂર્વક કર્યુ હતું.

## બસપા દ્વારા ૩૧મીએ મહાપુરુષ સામુહિક જન્મ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૭

બહુજન મુક્તિ પાર્ટી ગુજરાત દ્વારા એક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. મહાપુરુષ સામુહિક જન્મજયંતિ સમારંભ તા. ૩૧મી માર્ચને રવિવારે સેકટર-૬ડી, ઉપવાસ છાવણી મેદાનની બાજુમાં સાંજે ૫ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી કાર્યક્રમ ઉજવવામાં આવશે.જેમાં મહાનાયક જોતિરાવ ફૂલે થતા ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની સામુહિક ઉજવણી વી.એલ. માતંગ, ગોવિંદભાઈ પરમાર, ધરમશીભાઈ ધાપાની હાજરીમાં ઉજવવામાં આવશે. ગાંધીનગરના પ્રમુખ રાજીવ કે. પરીખ, સી.એન. ડામોર, મનસુખભાઈ શ્રીમાળી, જિ. પ્રભારી, સી.એલ.વાઘેલા, જશવંતભાઈ પરમારે સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

## ઉદ્યોગ ભવનના ગાર્ડનમાંથી વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના ઉદ્યોગ ભવન ખાતે વિવિધ સરકારી કચેરીઓ આવેલી છે. ત્યારે ગાર્ડનમાં બેસીને વરલી મટકાનો જુગાર રમતા-રમાડતા બે શખ્સોને સે-૭ પોલીસે પકડી પાડ્યા છે.આ બે શખ્સો પાસેથી પોલીસને વરલી મટકાનું સાહિત્ય અને બે મોબાઈલ મળી કુલ રૂ. ૧૭,૮૦૨ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સે-૭ પોલીસ સ્ટેશનની સર્વેલન્સની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન કોન્સ્ટેબલ બેચરભાઈ, ધર્મેન્દ્રભાઈ અને જગદીશસિંહને સંયુકત બાતમી મળી હતી કે ઉદ્યોગભવનમાં આવેલા બગીચામાં ગોપાલસિંહ અર્જુનસિંહ ચૌહાણ (રહે બ્લોક નં. ૩૯૧-૩ જ-૨ સે-૨૩ ચર્ચની સામે) નામનો શખ્સ વરલીનો જુગાર રમાડે છે. જેને અનુલક્ષી પોલીસે રેઈડ કરતા ગોપાલ અને તેની પાસે વરલી મટકાનો આંક લખાવવા આવેલ લક્ષ્મણ સોમાભાઈ રાઠોડ ( રહે. વાવોલ એન-૫૪ મકાન નં.૧૦૨ બી) બંને ઝડપાઈ ગયા હતા. પોલીસે બંન્ને પાસેથી રોકડા રૂ.૧૨,૩૦૦ બે મોબાઈલ અને વરલી મટકાનું સાહિત્ય મળી કુલ રૂ. ૧૭,૮૦૨ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે બે આરોપી સામે જુગાર ધારાના ગુના હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## શનિવારે એનઆઈસીએમ કેમ્પસ ખાતે 'હેપ્પી રક્તદાન શિબિર'નું આયોજન

ગાંધીનગર તા. ૨૭

ગાંધીનગરની ચ-૦ સર્કલ નજીક ઈન્ફોસિટીના ગેટ નં.૧ પાસેની શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા ''હેપ્પી યુથ ક્લબ'' ના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦મી માર્ચ શનિવારે સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન એનઆઈસીએમ કેમ્પસ ખાતે ભારતના તમામ વીર શહીદ જવાનોને સ્મરણાંજલિના ભાગ રૂપે ''હેપ્પી રક્તદાન શિબિર''નું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે કેમ્પસમાં નિઃશુલ્ક આંખોની તપસ માટે ''દીવા આઈ ચેકઅપ કેમ્પ''નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ''હેપ્પી રક્તદાન શિબિર''માં રક્ત એકત્ર કરવાની સેવા ઈંડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા પૂરી પાડવામાં આવશે અને આંખોની તપાસ માટેની સેવા દીવા આઈ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પૂરી પાડવામાં આવશે. રક્તદાન કેમ્પમાં એકત્રિત રક્ત કોઈ જરૂરિયાતમંદ દર્દીઓને અકસ્માત, ઓપરેશન કે ગંભીર બીમારીની સારવાર જેવા અણીના સમયે જીવન બચાવવા ઉપયોગી નીવડશે. આ ''હેપ્પી રક્તદાન શિબિર''નો હેતુ યુવાનો સહિત જાહેર જનતામાં મહાન ભારતના વીર શહીદ જવાનોના બલિદાન પ્રત્યે સન્માન અને ગર્વ સાથે તેમનું સ્મરણ કરવાનો છે.

આ રક્તદાન શિબિરમાં અંદાજે ૧૦૦ જેટલા રક્તદાતાઓ રક્તદાન કરશે અને આયોજનમાં અનેક સેવાભાવી યુવાનો જોડાશે. આ રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે શુભેચ્છા ભેટ રૂપે ''રક્તદાતા પ્રોત્સાહન કિટ'' આપી સન્માનીત કરવામાં આવશે. રકતદાતાઓએ ''હેપ્પી રક્તદાન શિબિર''માં સામેલ થવા અગાઉથી નોંધણી કરાવવી હિતવખ છે જે માટે તેઓ મો. નં. ૮૪૮૭૯ ૧૫૦૦૮ અથવા ૯૭૧૨૫ ૭૨૩૧૨ પર સંપર્ક સાધી શકશે અથવા પોતાનું નામ અને ઉમર મેસેજ કરી નોંધણી કરવી શકશે.

## આઈઆઈટીજી ખાતે સસ્ટેનાબીલીટી ફેર યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે સસ્ટેનાબીલીટી ફેર તા. ૨૯ માર્ચના રોજ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન યોજાશે. જેમાં જળ વપરાશ, પાણીની ગુણવત્તા, વાતાવરણમાં બદલાવ, પ્રદૂષણ જેવી વિવિધ બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

કાર્યક્રમમાં વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાના ડાયરેકટર વી.બી. માથુર અને આઈઆઈએમ અમદાવાદના પ્રોફેસર અમીત ગર્ગ ખાસ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અંગે કાર્ય કરતા આગેવાનો અને પોલીસ મેકરર્સ ખાસ ભાગ લેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. કિરણ પટેલ દ્વારા કરવામાં આવશે.

## અવસાન નોંધ

સરલાબેન રાજુભાઈ જયસ્વાલનુ અવસાન થયુ છે. સદગતનુ બેસણુ તા ૨૮ માર્ચના રોજ કલોલ વખારીયા ચાર રસ્તા પાસે વિશ્વકર્મા હોલમાં સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન રાખવામાં આવ્યુ છે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબા ઈન્દ્રસિંહ ચાવડા ઉ.વ. ૬૯
- સ્વ. લાલભાઈ મરઘાભાઈ પટેલ ઉ.વ. ૬૬
- સ્વ. ઠાકોર માનસંગભાઈ લવજીભાઈ ઉ.વ. ૭૫